કુલ 511200 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, 9 વિદ્યાર્થીને 90 ટકા, 108 ગુણ આવ્યા

મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપનું રિઝલ્ટ, 62837 વિદ્યાર્થીને 50% પણ ગુણ ન આવ્યા

- **પરીક્ષાના આધારે સ્કોલરશીપ, આદર્શ નિવાસી શાળામાં ધો.૭માં પ્રવેશ અને કમિશનર શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવે છે**

નવગુજરાત સમય > અમદાવાદ

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત તા.4 એપ્રિલના રોજ લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરીક્ષામાં કુલ 511200 વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા. જાહેર કરાયેલા પરિણામમાં કુલ 9 સ્કૂલના 9 વિદ્યાર્થીઓએ 90 ટકા એટલે કે 108 ગુણ મેળવ્યા છે. આ પરિણામના આધારે આગામી દિવસોમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરીને ફાઈનલ મેરિટયાદી તૈયાર કરીને ફાઈનલ કર્યાબાદી હાથ ધરવામાં આવશે. ઓપન કેટેગરીમાં 60, એસસી અને એસટીમાં 55 ગુણ મેળવનારનો મેરિટયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યની સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ધો.1થી 8 સુધીનો સળંગ અભ્યાસ કર્યો હોય અથવા તો ગ્રાઈટ દ્વ એજ્યુકેશન ગ્રાન્ટર્ગત ધો.1માં પ્રવેશ મેળવીને ધો.8 સુધી સળંગ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને મેરિટના આધારે તજ્જ્યી વિદ્યાર્થીઓને મેરિટના આધારે સરકારી-ગ્રાન્ટેડ અથવા ઘારાધોરણો પ્રમાણે પસંદ થયેલી સ્વનિર્ભર સ્કૂલોમાં માધ્યમિક શાળાઓમાં ધો.૦માં પ્રવેશ મેળવીને ધો.12 સુધીનો અભ્યાસ કરે તે માટે 25 હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ હસ્તગ આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૯માં ખાલી રહેલી અંદાજે 65 જગ્યાઓ પર પણ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપના આધારે પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત 4 એપ્રિલના રોજ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ગત તા.7મી એપ્રિલના રોજ જાહેર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ફોઈ રજૂઆત હોય તો તા.7મીથી 13મી એપ્રિલ સુધી ઈ-મેઈલ કરવા સૂચના આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની રજૂઆત સમિતિ સમક્ષ મુકવામાં આવ્યા બાદ જાહેર કરી દેવામાં આવ્યું છે. કુલ 511200 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે પૈકી 62837 વિદ્યાર્થીઓ એવા છે કે, જે 50 માર્કસ પણ લાવી શક્યા નથી.

127518 વિદ્યાર્થીઓએ 40 ટકા (48 ગુણ) મેળવ્યા

જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપના પરિણામમાં કુલ 9 શાળાના 9 વિદ્યાર્થીઓએ 90 ટકા (108 ગુણ) મેળવવામાં સફળ રહ્યા છે. આજ રીતે 22 શાળાના 283 વિદ્યાર્થીઓએ 80 ટકા (96 ગુણ) મેળવ્યા છે. 1510 શાળાઓના 2278 વિદ્યાર્થીઓએ 70 ટકા (84 ગુણ) મેળવ્યા છે. આજ રીતે 4968 શાળાઓના 10936 વિદ્યાર્થીઓએ 60 ટકા (72 ગુણ) કરતાં વધુ માર્કસ મેળવ્યા છે. જ્યારે 11362 શાળાના 39696 વિદ્યાર્થીઓએ 50 ટકા (60 ગુણ) કરતાં વધારે અને 19663 શાળાઓના 127518 વિદ્યાર્થીઓએ 40 ટકા (48 ગુણ)થી વધારે માર્કસ મેળવ્યા છે.

કેટલા વિદ્યાર્થીઓ કેટલા માર્કસ મેળવ્યા

માર્કસ	વિદ્યાર્થીઓ	માર્કસ	વિદ્યાર્થીઓ	માર્કસ	વિદ્યાર્થીઓ
08થી 39	249230	65થી 69	9922	95થી 99	241
40થી 44	93649	70થી 74	6143	100થી 104	77
45થી 49	62837	75થી 79	3578	105થી 109	23
50થી 54	49140	80થી 84	2057	110થી 114	2
55થી 59	25648	85થી 89	1081	115થી 120	0
60થી 64	16045	90થી 94	541	**કુલ**	**511200**

ઓપન કેટેગરીમાં 60, એસસી-એસટીમાં 55 ગુણ લાવનાર વિદ્યાર્થીઓને મેરિટ યાદીમાં સમાવેશ કરાયો

ગાંધીનગર જિલ્લામાં 399 ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો

નવગુજરાત સમય > ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની 3 સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવનારા 399 ઉમેદવારોનું ભાવિ આજે ખુલશે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી અને બહુજન સમાજ પાર્ટી તેમજ અપક્ષ ઉમેદવારોના રાજકીય જંગના પારખાનો ફેંસલો બપોર સુધીમાં આવી જશે, ત્યારે કર્ણી ખુશી તો કર્ણી ગમના દશ્યો ગ્રજેશે અને કેટલાક નેતાની મુરાદ મનમાં જ રહી જાય તો નવાઈ નહીં.

વિશ્વ મળવાનો જ છે તેવા વિશ્વાસ સાથે કેટલાક ઉમેદવારોના સમર્થકો અને કાર્યકરો ડોલ-નગારા સાથે મતગણતરી સ્થળે ઉમટી પડશે. જો પરાજય થશે તો વીલા મોઢે પરત ફરવા જેવો ઘાટ થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત, 3 તાલુકા પંચાયતો અને 2 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ તરફથી દિગ્ગજ નેતાઓની બાદબાકી કરી વધુ સંખ્યામાં નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારી રાજકારણની કક્કો બારખડી શીખવાની સત્તા માટે તૈયાર કર્યા છે.

નવા ઉમેદવારોની રાજકીય કારકીર્દી આગળ વધશે કે અટકી જશે તે પણ એક મહત્વનો મુદ્દો રાજકારણની દ્રષ્ટીએ માનવામાં આવી રહ્યો છે.

જિ. પંચાયતમાં સૌથી વધુ ભોયણમાં 85.94 અને અડાલજમાં સૌથી ઓછુ 51.56 ટકા મતદાન

ગાંધીનગર વિલ્લા પંચાયતની 25 બેઠકમાં સૌથી વધુ ભોયણ મોટીમાં 85.94 અને અડાલજમાં સૌથી ઓછુ 51.56 ટકા મતદાન થયુ છે.

અમરાજુના મુવાડા-72.02, બહિલાલ- 75.44, બિલોદરા-63.73, ચરાડા- (બિનહરીફ), છાલા-72.51 છગાલા- 66.86, દિલોડા- 62.64, ઝખોડા-69.04, હાલીસા- 69.53, હેરુજીના મુવાડા- 64.47, કટારા- 69.25, કડોદરા- 68.36, લોદરા-(બિનહરીફ), મહુડી- 65.12, પલિયડ- 71.47, પાનસર- 60.26, રબિવાલ- 70.36, સાદરા-70.79, સમી- (બિનહરીફ), સાણોદા- 73.03, સંતેજ- 81.26, સરડવા- 58.12, શેરીસા-75.49, સોજા- 71.16, ઉવારસર- 70.27 અને વલાદ- 77.89.

પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન

વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પનું સમારકામ અને જાળવણી કામ

ટેન્ડર નોટિસ નં. ડીબ્લ્યુએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૦૬ (ઈલેક્ટ્રિકલ)

તારીખ : ૨૪.૦૪.૨૦૨૬

કામનું નામ: રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષ માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પનું સમારકામ અને જાળવણી કામ. અંદાજિત પ્રાઇસ: ₹ ૭૧,૮૪,૪૬૫.૫૦/-, ઈબ્બીમી ખર્ચ: ૧,૪૩,૭૦૦/-, ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા.૧૮-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત : www.ireps.gov.in RJT-008

આગળ જોતો રહો: X x.com/WesternRly

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે પ્રા.શાળા સર્વોદય નગર ચકલાસી,તા. નડિયાદ, જી .ખેડા ના ઓરડા નંગ-૧ વિભાગના પતરાવાળાના કાટમાળની જાહેર હરાજી રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક તમામ વ્યક્તિઓને હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીની ડિપોઝિટની રકમ ૫૦૦૦/- રાખવામાં આવેલ છે.

સ્થળ:- પ્રાથમિક શાળા સર્વોદય નગર ચકલાસી. તા. નડિયાદ, જી.ખેડા
તારીખ:- ૦૧/૦૫/૨૦૨૬ ને શુક્રવાર, સમય:- સવારે ૧૦:૦૦ કલાકે.

લી. એસ.એમ.સી. સર્વોદય નગર પ્રા .શાળા (ચકલાસી)

જાહેર નોટીસ

અમારા અસીલ સમસ્તાબાનુ અરીફભાઈ ફોરોશી, રહેવાંક મકાન ન.૧૫૦, પોલીસ સ્ટેશનની પાછળ, મહેબૂબપાર્ક, મુ.તલવાડ, તા.વિમનગર, જિ.સાબરકાંઠાનાંની સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાની મિલકત સાબરકાંઠા જિલ્લાના વિમનગરમાં રહેણાકી મકાન ખરીદવાના મોજે સવગત નામની સીમના સર્વે/બ્લોક નંબર-૧૩૦ પૈકીની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં.૧૫૦માં બનાવેલ રહેણાક મકાન જેના સ.એ.મી. ૧૧૪.૦૦ ચો.મી. અને જેમાં ૪૪.૦૦ સમ ચો.મી. બાંધકામ કરેલ છે. જેના પર અમારા અસીલે પુત્ર ફાઈનાન્સ જેને લઈ બોજા બેંક તરીકે ઓળખાય છે. જેની ધિમતનગર શાખામાંથી લોન લઈને ગીરો મુકેલ છે. જેણે ગીરો પત્ર ક્રમાંક ૨૧૬૮ થી તા.૩૧/૩/૨૦૧૯ના રોજ નોંધાયેલ છે. અમારા અસીલે ઉપરોકત મિલકત **અનવરહુસેન મોહમદમિયા શેખ** પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં.૧૪૨૩ થી તા.૩૦/૦૩/૨૦૧૯ થી **વેચાણ રાખેલ છે.** જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે તે પહેલા **અનવરહુસેન મોહમદમિયા શેખના**એ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૭૩૭ થી તા.૩૦/૦૩/૨૦૧૯ થી **વેચાણ રાખેલ છે.** જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે તે પહેલા **મહમદઝાકુર અબ્દુલહાદર મેમણ**નાએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૩૦૩૮ થી તા.૧૯/૧૨/૧૯૮૯ના રોજ અબ્દુલ હમીદ નૂરમાઈ બાવનનાએ પાસેથી **વેચાણ રાખેલ છે.** જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે નથી લાલમાં આ મિલકત પર ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરતા આ મિલકત ઉપર નૂરુ ફાઈનાન્સ જેને લઈ બોજા બેંક તરીકે ઓળખાય છે જેની ધિમતનગર શાખાના સિલપ કોર્પોરા સરકારી બેંક, સહકારી બેંક, પ્રાઈવેટ બેંકમાં કે ફાઈનાન્સ કે કોર્પોરા વ્યકિત પાસે ગીરવે મુકેલ નથી કે તારણમાં મુકેલ નથી કે અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો સમાયેલો નથી. જો કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક, પેઢી ફાઈનાન્સ વિગેરે સદર મિલકતમી ભાગ, લાગ, હક્ક, હિસ્સો સમાયેલો હોઈ તો તેના આધાર પુરાવા સહીત દિન-૩માં હમો નોંધે સહી કરનાર એડવોકેટશ્રીના લખેલ સરનામે રજુ કરવા. દિન-૩માં કોઈના પણ તરફથી કોઈ વાંધો રજુ નહી કરવામાં આવે તો ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ.વિમનનગર
તા.૨૭/૦૪/૨૦૨૬

પ્રાથમિક શાળાસ્થિત માતા (એડવોકેટ)
ઓફિસ - ઓફિસ નં.૬૩, ત્રી સર્વાય કોમ્પ્લેક્ષ, ડી-માર્કેટ બાજુમાં, મોતીપુરા, વિમનનગર, તા.વિમનનગર. જિ.સાબરકાંઠા. મો. ૯૦૨૫૬૩૨૨૧

જાહેર નોટીસ

અમારા અસીલ ઈન્દુબેન બાલકૃષ્ણભાઈ બારોટ, રહેવાંક આગીયોલ, તા.વિમનનગર, જિ.સાબરકાંઠાનાંની સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાની મિલકત સાબરકાંઠા જિલ્લાના વિમનનગર તાલુકાના મોજે કંકણોલ ગામની સર્વે/બ્લોક નંબર-૩૮૪/૧ની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં.૧૬માં બનાવેલ રહેણાંક મકાન જેના સ.એ.મી. ૧૨૯.૧૮ ચો.મી. અને જેમાં ૩૫.૦૦ સમ ચો.મી. બાંધકામ કરેલ છે. અમારા અસીલે ઉપરોકત મિલકત **પરવા નરેશભાઈ શાહ** પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૧૩૦૮ થી તા.૧૩/૦૮/૨૦૨૧થી વેચાણ રાખેલ છે. જે **અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે.** તે પહેલા **પરવા નરેશભાઈ શાહ**નાએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૯૮૪થી તા.૦૧/૧૦/૨૦૧૨ના રોજ **રતિલાલ રાયચંદભાઈ પટેલ**નાએ પાસેથી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે. તે પહેલા **રતિલાલ રાયચંદભાઈ પટેલ**નાએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૪૩૪ થી તા.૩૦/૦૬/૨૦૧૨ના રોજ પ્રભુદાસ જુગલદાસ પટેલનાએ પાસેથી **વેચાણ રાખેલ છે.** જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે. તે પહેલા પ્રભુદાસ જુગલદાસ પટેલનાએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૩૩૦૬થી તા.૨૮/૧૧/૧૯૮૦ના રોજ રમણભાઈ કાશ્યભાઈ પટેલ અને બીજાઓનાએ પાસેથી **વેચાણ રાખેલ છે.** જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે નથી. હાલમાં આ મિલકત પર ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરતા આ મિલકત પર કોઈપણ સરકારી બેંક, સહકારી બેંક, પ્રાઈવેટ બેંકમાં કે ફાઈનાન્સ કે કોર્પોરા વ્યકિત પાસે ગીરવે મુકેલ નથી કે તારણમાં મુકેલ નથી કે અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો સમાયેલો નથી. જો કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક, પેઢી ફાઈનાન્સ વિગેરે સદર મિલકતમી ભાગ, લાગ, હક્ક, હિસ્સો સમાયેલો હોઈ તો તેના આધાર પુરાવા સહીત દિન-૩માં હમો નોંધે સહી કરનાર એડવોકેટશ્રીના લખેલ સરનામે રજુ કરવા. દિન-૩માં કોઈના પણ તરફથી કોઈ વાંધો રજુ નહી કરવામાં આવે તો ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ.વિમનનગર
તા.૧૩/૦૪/૨૦૨૬

પ્રાથમિક શાળાસ્થિત માતા (એડવોકેટ)
ઓફિસ - ઓફિસ નં.૬૩, ત્રી સર્વાય કોમ્પ્લેક્ષ, ડી-માર્કેટ બાજુમાં, મોતીપુરા, વિમનનગર. તા.વિમનનગર. જિ.સાબરકાંઠા. મો. ૯૦૨૫૬૩૨૨૧

ખુલ્લી જગ્યામાં સુતેલા માતા અને પુત્રને કારે ટક્કર મારતા મહિલાનું મોત

નવગુજરાત સમય > અમદાવાદ

સરસપુરમાં 44 વર્ષીય પિંઢીબેન પટેલી પરિવાર સાથે રહેતા હતા. ગત તા.22મીએ રાત્રે નરોડા હંસપુરા ખાતે સુમુષ્ષિ બિઝનેસ હબ કોમ્પ્લેક્સ પાસે ખુલ્લી જગ્યામાં સૂઈ ગયા હતા. તેમનો 15 વર્ષીય સગીર પુત્ર ત્યાં પાર્ક રિક્ષામાં સુતો હતો. આ દરમ્યાન પૂરઝડપે આવી રહેલી કારે રિક્ષાને ટક્કર મારી હતી અને બાદમાં પિંઢીબેન પર કાર ચઢાવી દેતા માતા-પુત્રને સારવાર માટે ખસેડવા હતા.

સારવાર દરમિયાન પિંઢીબેનને ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. જી ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

જાહેર હરાજી - જંગમ મિલકત

અમદાવાદ (ગ્રામ્ય)ના મે. એડીશનલ સીવીલ જજ શ્રી એમ. ડી. વિરાણી સાહેબની કોર્ટમાં, મુ. જુની હાઇકોર્ટ બિલ્ડીંગ, નવરંગપુરા.

રે. દરખાસ્ત નં. ૨૯/૨૦૨૫	અંક-૨૬
દરખાસ્તકાર : સુનિલ રમણીકલાલ પારેખ	વિરુદ્ધ
સામાવાળા : શારદાબેન શાંતિલાલ ખોખી	

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે, નામદાર એડીશનલ સીવીલ જજ સાહેબ દ્વારા મજકુર દરખાસ્તના કામે નામદાર કોર્ટની સામાવાળા વિરુદ્ધ જપ્તી વોરંટ કાઢવામાં આવેલ, જેના અનુસંધાને દરખાસ્તવાળા હુકમનામાંની વસુલી માટે જંગમ વોરંટની બજવણીમાં નામદાર કોર્ટના હુકમ અનુસાર ખેડીકીબીબ સામાવાળાની જપ્તીમાં લીધેલ જંગમ મિલકત (બીજા વસ્તુઓ) ની વિગત નીચે જણાવેલ માલ સામાન જાહ કરી નીચે કરી ટીપોટ રજુ કરેલ છે. વધુમાં નામદાર કોર્ટના આદેશ મુજબ સીપીસી આર્ડર-૨૧, રૂલ-૮૪ મુજબ દરખાસ્તવાળા કામે જપ્તીમાં લીધેલ જંગમ મિલકતની જાહેર હરાજીની વેચાણ કરી ઉપજની રકમ અદાલતમાં જમા કરવા બાબતે હુકમ કરેલ છે.

નામદાર કોર્ટના હુકમ મુજબ વેચાણ અધિકારી/કમીશ્નર તરીકે શ્રી એ.પી. દરજીનાંઓની નિમણુંક કરવામાં આવેલ છે. આથી તેમના દ્વારા જાહેર હરાજી આવે છે કે, નીચે મુજબની જંગમ મિલકત (બીજા વસ્તુઓ) ની હરાજીમાં ભાગ લેવા તા. ૧૪-૫-૨૦૨૬ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે હરાજીનું સ્થળ : રૂ.૩૯-૨૩૮, જી.આઈ.ડી.સી., નરોડા, ફેસ-૧, ગોયી એન્જીનીયરીંગ પાસે, નરોડા, જી.આઈ.ડી.સી., અમદાવાદ ખાતે જાહેર હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે, આ બાબતે વધુ માહિતી સારૂ વેચાણ અધિકારીની / કોર્ટ કમીશ્નરશ્રીના મોબાઈલ નંબર ૯૦૨૫૦૮૦૮૦૮૮ અને દરખાસ્તકારના મોબાઈલ નંબર ૯૯૯૯૧૧૦૩૩૫ ઉપર સંપર્ક કરવો, સરદારૂ જંગમ મિલકત (બીજા વસ્તુઓ) ખરીદવામાં રસ ધરાવતી વ્યકિતનો કે એજન્ટોએ હાજર રહેવું.

જંગમ-મિલકત (બીજા વસ્તુઓ)ની વિગતો નીચે મુજબ છે.

(૧) લોખંડનો ત્રાંબો - ૧ નંગ, (૨) વપરેલા કડા વાળી એલુમીનીયમના - ૧ નંગ (૩) ઈલ. વજનકાંટો - ૧ નંગ, (૪) વર્લિંગ બાઉન્ડનું બોલ - ૧ નંગ, (૩ બોટા બાઉન્ડ અને ૫ નાનાબાઉન્ડ) (૫) ફ્રીજ પેનાસોનિક ડબલ ડોર રૂ ક્લર - ૧ નંગ, (૩૦૮ લીટર) (૬) વપરેલી નરસાજ કંપનીની - ૧ નંગ, (૭) હોટ પ્લેટ (લોખંડની) - ૧ નંગ, (૮) વપેલા કડા વગરના એલુમીનીયમના - ૩ નંગ, (૯) વપેલા કડાવાળા એલુમીનીયમના - ૨ નંગ, (૧૦) વપેલા કોકણા (છીબા) - ૩ નંગ, (૧૧) પ્લાસ્ટીકની પ્લેટ - ૩૩ નંગ, (૧૨) પ્લાસ્ટીકની વાટકી - ૩૨૦ નંગ, (૧૩) પીતળનું નંધણુ - ૧ નંગ, (૧૪) એલુમિનીયમનું કુકર - ૨ નંગ, (૧૫) ચાની કીટલી (એલુમીનીયમ) - ૧ નંગ, (૧૬) કાલી ઘાંચ નગરક - ૧ નંગ, (૧૭) મિક્સર જાર વગરનું - ૧ નંગ, (૧૮) મિક્સર જાર વગરનું બોટમ - ૧ નંગ, (૧૯) ટેબલ પંખો - ૨ નંગ, (૨૦) પણીની મોટર ડ્રમી કંપનીની - ૧ નંગ, (આશરે ૧ મીટર પાઈપ સાથે) (૨૧) લોખંડની કડાઈ (નાની-મોટી) - ૪ નંગ, (૨૩) લોખંડની તીજોરી - ૧ નંગ, (૨૪) લોખંડના તવા - ૧ નંગ, (૨૫) હેન્ડ બ્લેન્ડર (નેશનલ કંપનીનું) - ૧ નંગ - કુલ ૭૨૯

રીઝર્વ ભાવ અંદાજીત રૂા. ૨૦,૬૬૭/- (અંકે રૂપિયા વીસ હજાર છસો સાઠ્ઠ પુરા)

મહત્વપૂર્ણ શરતો :

૧. હરાજી દરમ્યાન ખરીદનારાઓએ સ્થળ પર પોતાના ઓળખપત્ર સાથે હાજર રહી બિડીંગ કરવાની રહેશે.
૨. હરાજી દરમ્યાન ખરીદનારાઓએ વસ્તુ અંગેની સ્થિતિ અને ચુકવણા અંગે સંપૂર્ણ સંતોષ મેળવવાનો રહેશે ત્યાબાદ કાર કોઈ પ્રકારની જવાબદારી લેવામાં નહી આવે. મિલકત જે રીતે છે તે રીતે વેચવામાં આવશે.
૩. જંગમ-મિલકત (બીજા-વસ્તુઓ) ખરીદીની હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ એજન્ટોએ તા. ૧૩-૫-૨૦૨૬ ના રોજ સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન હરાજી કરવાના સ્થળ પર બીજા વસ્તુઓનું નીલીમણ કરી શકાશે.
૪. જંગમ-મિલકત (બીજા વસ્તુઓ)ની હરાજીમાં ભાગ લેનાર વ્યકિત / એજન્ટોએ અનરેસ્ટ મની તરીકે રૂા. ૨૧૦૦/- (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) હરાજીના દિવસે સ્થળ પર જ જમા કરાવવાના રહેશે, ત્યારબાદ હરાજીમાં ભાગ લઈ શકશે.
૫. સીલીંગ પ્રોસિજર કરી નિયમ મુજબ કોર્ટની કોર્ટફીના ૬ ક્રમ્બરની લીલામી (હરાજી)માં ઉમા કરી શકશે નહી.
૬. બોલીની કેટલી રકમ વધારવાની છે તે એવાજ ચલાવતા અધિકારી / કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા નક્કી કરવામાં આવશે, બોલીની રકમ અથવા બોલી લગાવનાર અંગે કોઈ વિવાદ ઉભો થાય તો, લોટ (વસ્તુ) ને તરત જ ફરીથી હરાજીમાં મુકવામાં આવશે.
૭. સીલી વધુ બોલી લગાવનારને કોર્ટપણ લોટનો ખરીદનાર જાહેર કરવામાં આવશે અને એ શરતે કે, જો માંગણીમાં મુકાયેલ કિંમત એટલી બધી ઓછી હોય કે સ્વીકારવા યોગ્ય ન લાગે ત્યારે તેની જાણ કર્યા સિવાય કોર્ટ કે તે ન્યાયાલય અથવા લેવાલ કરનાર અધિકારી / કમિશ્નરની વિવેક બુદ્ધિને આધિન રહેશે.
૮. સરદારૂ જંગમ-મિલકત (બીજા વસ્તુઓ)ની સીધી ઉંચી બોલી બોલનારને ખરીદનાર તરીકે જાહેર કરવામાં આવશે અને તે મંજુરીની રકમ તે સમય દરમ્યાનદરકાર કરનાર અથવા કોર્ટમાં જમા કરવાની રહેશે, ત્યારબાદ સરદારૂ (બીજા-વસ્તુઓ)ને કબ્જો સોંપવામાં આવશે, ત્યારબાદ ખરીદેલ બીજા-વસ્તુમાં કોઈ ખામી કે ત્રકલીફ જણાય તો કોર્ટની કોઈ જવાબદારી રહેશે નહી.
૯. સરદારૂ જંગમ-મિલકત (બીજા-વસ્તુઓ) પર કોઈ બેંક/ સંસ્થાનો બોજો હોય તો તેઓએ સરદારૂ જાહેરાત દૈનિક સમાચાર પત્રમાં છપાયા તારીખથી દિન-૧૦માં કોર્ટમાં વાંધા રજુ કરવાની રહેશે, ત્યારબાદ કોઈ વાંધા કે તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી.
૧૦. ઉપર જણાવેલ માહિતી ન્યાયાલયની પુરી પાડવામાં આવેલ માહિતી પ્રમાણે લખવામાં આવી છે, અને ખરીદનારે કોઈ જુવાબદ્ર કર્યો હોય અથવા ખોટી હકીકત લખાઈ હોય તો તે માટે ન્યાયાલયની કોઈ જવાબદારી રહેશે નહી, તેમજ હરાજી બાદ ન્યાયાલયની કોઈ જવાબદારી રહેશે નહી, તેમજ ન્યાયાલય દ્વારા હરાજી બાદ કોઈ કોર્ટફીના તફાવત ચુકવવા બાકી નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આ જાહેરનામું આજ તા. ૨૪ માસે એપ્રિલ, વર્ષ ૨૦૨૬ના રોજ આપ્યા પરાવામાં આવે છે.

તૈયાર કરનાર મુકાલાલ કરસાર (બી.સી.મકવાણા) (કે. ડી. સોલંકી) I/c. સુનિલ્ટેન્ડર I/c. સુનિલ્ટેન્ડર

કોર્ટનુ સીલ અને હસ્તાક્ષર (એ.એમ. ઠકરેજ) રજીસ્ટ્રાર જિલ્લીપાલ સીવીલ સીવીલ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય)

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન

કોમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને RDSO 2D ટ્રેઈનનું 3-D ટ્રેઈનમાં રૂપાંતરણ

ઈ-ટેન્ડર નં. સીડબ્લ્યુએમ-ડીબ્લ્યુએસ-એડીસાઈ-૦૨-૨૦૨૬-૨૭. (i) કામનું નામ: કોમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને ઉપલબ્ધ RDSO 2-D ટ્રેઈનને 3-D ટ્રેઈનમાં રૂપાંતરણ કરવાનું તથા pdf ફોર્મેટમાં ઉપલબ્ધ RDSO 2-D ટ્રેઈનને 3-D મોડલ ફાઈલમાં રૂપાંતરિત કરવાનું તેમજ તે જ 3-D મોડલમાંથી તમામ સંબંધિત ડ્રોઈંગ્સ ટ્રેઈન તૈયાર કરવાનું કામ. પૂર્ણ કરવાનો સમયગાળો: ૦૬ મહિના. (ii) કામની અંદાજીત પડતર: ₹ ૧૨,૨૫,૭૬૪.૩૮ (iii) જમા કરાવવાની બીડ સિક્યુરીટી/ ઈબ્બીમી: ₹ ૨૪,૬૦૦.૦૦ (iv) ટેન્ડર જમા કરવાની તારીખ અને સમય: તા.૨૨-૦૫-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાક સુધી (v) ખુલવાની તારીખ અને સમય: તા.૨૨-૦૫-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે. (vi) વેબસાઈટ વિગત, સોફ્ટવેર ખોલું સ્થળ જ્યા ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું વેબસાઈટ: વેબસાઈટ વિગતા www.ireps.gov.in નોટીસ બોર્ડનું સ્થળ અને ઓફીસનું સરનામું : ચીફ વર્કશોપ મેનેજર (ડીબ્લ્યુએસ), અમદાવાદની ઓફીસ, પશ્ચિમ રેલવે, પોસ્ટ-દિલ્લિપુરમ સ્ટેશન, કાળીમાળ, અમદાવાદ-૩૮૨૪૭૦. મોબાઈલ નં.-૭૬૨૪૦૦૩૬૭૧. નોંધ: કામના વિગતવાર નિયમો અને શરતો રેલવેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ADI-014

અમને જોતો રહો: twitter.com/WesternRly

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ : ૨૦૨૬-૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં નીચે મુજબના વિષયે વિવિધ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડરીંગમાં ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

ક્રમ	વિષય	ટેન્ડર ફોર્મનીની કચવાતી તારીખ	બી-બીડ મીટીંગની તારીખ અને સ્થળ	ટેન્ડર ફોર્મનીની કચવાતી છેલ્લી તારીખ	ટેન્ડરમાં માગવા મુજબનાં ઓફલાઈન દસ્તાવેજો અને ત્યારી ઓફલાઈની તારીખ	ટેક્નીકલ બીડ ઓપન કરવાની સંભવિત તારીખ	ફાઈનેન્સીયલ બીડ ઓપન કરવાની સંભવિત તારીખ
૧.	૨૭૦ આંગણવાડી ખાતે રોલ ટાઈપ સ્પ્રાયમ કરવા બાબત.	૨૭/૦૪/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૨૦/૦૪/૨૬ બપોરે ૩:૩૦ કલાકે	૦૮/૦૫/૨૬ સાંજે ૬:૦૦ કલાક સુધી	૧૧/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૧૩/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે